Commissionerate of School
Vidya samixa Kendra, Sector 19, Gandhinagar 382010
Te.No : 07923254001 E-mail: ss.umabranch@gmail.com

ક્રમાંક:૧૦+૨/ઉમા-૦૬/૨૦૨૫/ તા. ૨૬/૧૧/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ, ગુ.રા.

**વિષય :** સને ૨૦૨૫-૨૬ના વર્ષમાં જિલ્લા કક્ષાએ તેમજ રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શાળાને પ્રોત્સાહન ઈનામ આપવા બાબત

**સંદર્ભ :** શિક્ષણ વિભાગનો તા.1/4/2025નો ઠરાવ ક્રમાંક:ED/MIS/e-file/3/2024/4628/ CHH

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, સને ૨૦૨૫-૨૬ના વર્ષમાં જિલ્લા કક્ષાએ તેમજ રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શાળા તરીકે પસંદ થાય તે શાળાને પ્રોત્સાહક ઈનામ આપવા માટે આપના જિલ્લાની શ્રેષ્ઠ ત્રણ શાળાઓને શાળા દીઠ રૂ.1.00 લાખ (અંકે એક લાખ પુરા) તથા રાજ્ય કક્ષાએ પ્રથમ નંબરે આવનાર શાળાને રૂ .5.00 લાખ (અંકે પાંચ લાખ પુરા), બીજા નંબરે આવનાર શાળાને રૂ.3.00 લાખ (અંકે ત્રણ લાખ પુરા) અને ત્રીજા નંબરે આવનાર શાળાને રૂ.2.00 (અંકે બે લાખ પુરા)નું પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે.

શ્રેષ્ઠ પસંદગી થનાર શાળાને નામજોગ આર્થિક પુરસ્કાર એનાયત થશે. શાળાઓમાં આ યોજનાનો બહોળો પ્રચાર થાય અને વધુમાં વધુ શાળાઓ આ યોજના માટે દરખાસ્ત કરે તેવાં પ્રયત્નો આપની કક્ષાએથી કરવાના રહેશે.

**આ યોજના અંતર્ગત શાળાઓને ભાગ લેવા માટે નીચે મુજબ નોર્મ્સ ફરજિયાત કરાયા છે.**

1. શિક્ષણ વિભાગ હસ્તકની આર.એમ.એસ.એ, મોડેલ, મોડેલ ડે સ્કુલ સહિતની કોઈ પણ સરકારી કે ગ્રાન્ટેડ માધ્યમિક/ઉ.મા શાળા સદર યોજનામાં ભાગ લઈ શકશે.
2. જિલ્લા કક્ષાએ ત્રણ શ્રેષ્ઠ શાળા પસંદ કરવા માટે એક શહેર વિસ્તારની અને બે ગ્રામ્ય વિસ્તારની શાળા પસંદ કરવાની રહેશે.
3. શાળાનું એસ.એસ.સીનું ત્રણ વર્ષનું (વર્ષ 22-23, વર્ષ 23-24, વર્ષ 24-25) સરેરાશ પરિણામ
   **(માત્ર માધ્યમિક અને 9 થી 12 ના વર્ગો ધરાવતી શાળાઓ માટે)**
   જ્યાં માધ્યમિક અને ઉ.માધ્યમિક અથવા માત્ર માધ્યમિક શાળાઓ ચાલે છે તે શાળાઓ માટે.
   શહેર વિસ્તાર માટે 70% કે તેથી વધુ તથા ગ્રામ્ય વિસ્તાર માટે 65% કે તેથી વધું હોવું જોઈએ.
4. **માત્ર ઉચ્ચતર માધ્યમિક શાળા કાર્યરત હોય તો એચ.એસ.સીનું ઉપર મુજબ ત્રણ વર્ષનું સરેરાશ પરિણામ નીચે મુજબ હોવું જોઈએ.**
   **સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાન પ્રવાહ માટે :** શહેર વિસ્તાર-70% કે તેથી વધુ અને ગ્રામ્ય વિસ્તાર 65 % કે તેથી વધુ

   **બન્ને પ્રવાહ હોય તો જે પ્રવાહનું પરિણામ વધુ હોય તે ધ્યાને લેવું.**
   **(નોંધ ; ઉ.બુ પ્રવાહ માટે ગ્રામ્ય વિસ્તારની શાળાઓનાં ધારાધોરણ લાગુ પડશે.)**
5. એક વાર જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ પ્રોત્સાહક પારિતોષિક મેળવેલ શાળાઓ તે પછીના ત્રણ વર્ષ સુધી શ્રેષ્ઠ શાળા પ્રોત્સાહક યોજનામાં ભાગ લઈ શકશે નહિ.
6. નિયત થયેલ એપ્રાઈઝલ ફોર્મના માપદંડોના કુલ 150 ગુણમાંથી ઓછામાં ઓછા 100 ગુણ જે શાળા મેળવે તે જ શાળા ઈનામ માટે પસંદગીને હકદાર બનશે.
7. **એપ્રાઈઝલ ફોર્મ ઝીણવટપૂર્વક વાંચી પ્રત્યેક વિગત જિલ્લા કક્ષાની પસંદગી સમિતિ દ્વારા ઓનલાઇન ભરવાની રહેશે.**
8. **ભાગ લેનાર શાળાએ ઓનલાઇન (સામેલ સમયમર્યાદા મુજબ) નોધણી કરવાની રહેશે.**
9. આવેલ અરજીઓના સંદર્ભમાં જિ.શિ.અધિ.શ્રી દ્વારા પેનલ મુલાકાત ગોઠવી શાળાએ ઓનલાઇન રજુ કરેલ વિગતોની ચકાસણી કરવી
10. આવેલ અરજીઓની ચકાસણી અને રૂબરૂ મુલાકાતના અંતે પસંદ થયેલ અરજીઓની ચકાસણી બાદ જિલ્લા પસંદગી સમિતિ જિલ્લા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંકની શ્રેષ્ઠ શાળા પસંદ કરશે.
11. જિલ્લા કક્ષાએ પસંદગી સમિતિ દ્વારા શ્રેષ્ઠ શાળાની આવેલ રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે જિલ્લા કક્ષાએ પસંદગી પામેલ પ્રથમ ક્રમની શ્રેષ્ઠ શાળા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા ઓનલાઇન મોકલવાની રહેશે.(ઓફલાઇન ફાઇલ કે VCD/DVD મોકલવાની રહેશે નહી.)

**જિલ્લા કક્ષાની પસંદગી સિમિતિની રચનામાં નીચે મુજબના સભ્યોનો સમાવેશ કરવો.**

1. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(અધ્યક્ષ)
2. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી(સભ્ય)

3. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યશ્રી(સભ્ય)
4. જિ.શિ.અધિ.શ્રી દ્વારા પસંદ કરેલ શાળા વિકાસ સંકુલના કો-ઓર્ડીનેટરશ્રી(સભ્ય)
5. જિ.શિ.અધિ.શ્રી દ્વારા પસંદ થયેલ રાજ્ય/રાષ્ટ્રીય પરિતોષિક વિજેતા શિક્ષક/આચાર્ય(સભ્ય)
6. એજ્યુકેશન ઈન્સ્પેક્ટર (E.I.)

શ્રેષ્ઠ શાળાની પસંદગી કરવામાં ક્ષતિ રહેવા ન પામે તેની અંગત રીતે ચકાસણી કરી જિલ્લા કક્ષાએ પસંદગી સમિતિ દ્વારા પ્રથમ ક્રમે પસંદ થયેલ શ્રેષ્ઠ શાળાની ઓનલાઇન દરખાસ્ત તથા જો આપના જિલ્લાની સદર યોજના માટે દરખાસ્ત ન હોય તો 'શૂન્ય' માહિતી નિયત સમયમર્યાદામાં ઓફલાઇન મોકલી આપવા જણાવવામાં આવે છે. વધુમાં, શ્રેષ્ઠ શાળા પ્રોત્સાહક ઈનામ યોજનાના નોમ્સનું પાલન થાય તે રીતે જિલ્લા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંકની શ્રેષ્ઠ શાળા પસંદ કરવાની જવાબદારી સંબધિત જિલ્લા કક્ષાની પસંદગી સમિતિની રહેશે.

**નોધ- જિલ્લા વહિવટી તંત્ર/જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા આયોજિત થતા કાર્યક્રમમાં જિલ્લાની શ્રેષ્ઠ વિજેતા શાળાઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરશો.**

**"શ્રેષ્ઠ શાળા સ્પર્ધા" કાર્યક્રમની સમયસારણી**

| ક્રમ | કક્ષા | પ્રવૃતિ | તારીખ |
|---|---|---|---|
| ૧ | શાળા | ઓનલાઇન શાળાનું નોમીનેશન (સ્પર્ધામાં પસંદગી નોધાવવી) | **૧ થી ૧૦ ડિસેમ્બર, ૨૦૨૫** |
| ૨ | જિલ્લા | સમિતિના સભ્યો દ્વારા શાળાઓની મુલાકાત લઇ ગુણાંકન કરવાની કામગીરી અથવા જિલ્લાના નિયત લોગીનમાં શ્રેષ્ઠ શાળા મૂલ્યાંકનપત્રક આવ્યાબાદ કાર્યવાહી કરી શકશો. | **૧૧ થી ૨૫ ડિસેમ્બર, ૨૦૨૫** |

માન. નિયામકશ્રીની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે.

નાયબ શિક્ષણ નિયામક(૧૦+૨)
કમિશનર શાળાઓની કચેરી
ગુ.રા,ગાંધીનગર

બિડાણ :

શ્રેષ્ઠ શાળા મૂલ્યાંકન પત્રક વર્ષ ૨૦૨૫-૨૬

**સવિનય નકલ રવાના જાણ સારુ : -**

માન. નિયામકશ્રીના રહસ્ય સચિવશ્રી, સદર કચેરી,
માન. સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી(માધ્યમિક), સદર કચેરી
માન. સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી (હિસાબ), સદર કચેરી
માન. નાયબ શિક્ષણ નિયામકશ્રી(મહેકમ), સદર કચેરી
સેક્શન અધિકારીશ્રી, શિક્ષણ વિભાગ, છ શાખા, સચિવાલય, ગાંધીનગર

Signature Not Verified
Signed by:KISHANBHAI FATESHING VASAVA
Deputy Director
Date:2025.11.26 17:47:53 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign